# વારાણસીમાં કેજરીવાલના રોડ શોમાં કાર્યકરો ઉમટયા

વારાણસી, તા.૯

મંદિર શહેર વારાણસીમાં તમામ પક્ષો પોતાની તમામ તાકાત ૧૨મી મેના દિવસે યોજાનાર મતદાન માટે લગાવી ચુક્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ મંદિર શહેરમાં શક્તિ પ્રદર્શન કર્યા બાદ આજે તેમના હરીફ એએપીના નેતા અરવિંદ કેજરીવાલે પણ રોડ શો યોજીને મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસ કર્યા હતા. સાથે સાથે નરેન્દ્ર મોદીની રોડ શો દરમિયાન ઝાટકણી કાઢી હતી. વારાણસીના ગ્રામીણ વિસ્તારોમાંથી આ રોડ શોનું આયોજન થયું હતું. કેજરીવાલે દાવો કર્યો હતો કે, તેઓ જંગી બહુમતિ સાથે આ વિસ્તારમાંથી જીત મેળવશે. કેજરીવાલે એમ પણ કહ્યું હતું કે, ભાજપે કોમવાદ અને જાતિ રાજનીતિ સહિત તમામ યુક્તિઓ અજમાવી લીધી છે. હિંસા અને મિડિયાને લાંચ આપવાના પ્રયાસ પણ થઇ ચુક્યા છે. વારાણસી સંસદીય મત વિસ્તારમાંથી મોદીની સામે મેદાનમાં રહેલા કેજરીવાલે કહ્યું હતું કે, વારાણસીમાં લોકો કહી રહ્યા છે કે, જે વ્યક્તિ પ્રચારના હેતુસર માત્ર એક બે કલાક માટે હેલિકોપ્ટરમાં આવે છે તે વ્યક્તિ કઇ રીતે સેવા કરી શકશે. એએપીની વારાણસીમાંથી શાનદાર જીત થશે. નરેન્દ્ર મોદીને હારનો સામનો કરવો પડશે. વારાણસીના લોકો વાસ્તવિકતા જાણે છે. કેજરીવાલના રોડ શોમાં બનારસ હિન્દુ યુનિવર્સિટીને પણ આવરી લેવામાં આવતા આ રેલી આગળ વધી હતી. કાળઝાળ ગરમી હોવા છતાં વારાણસીમાં તમામ પક્ષો આક્રમક મૂડમાં દેખાઈ રહ્યા છે. અરવિંદ કેજરીવાલ ચૂંટણી પ્રચારમાં લાગેલા છે. ખાસ કરીને ગ્રામિણ અને લઘુમતિ વર્ચસ્વવાળા વિસ્તારોમાં કેજરીવાલ મુખ્યરીતે ધ્યાન આપી રહેલા છે. કેજરીવાલના રોડ શો દરમિયાન પણ મોટી સંખ્યામા લોકો તેમની સાથે જોડાયા હતા અને એએપીની આશા વધારી હતી. વારાણસીમાં તમામ લોકોની નજર કેન્દ્રિત થઇ ગઇ છે. આ હાઇપ્રોફાઇલ બેઠકની ચૂંટણી સૌથી રોમાંચક બની રહે તેવી શક્યતા છે. ગઇકાલે નરેન્દ્ર મોદી અને આજે અરવિંદ કેજરીવાલ અને આવતીકાલે રાહુલ ગાંધીના રોડ શોને લઇને તંત્રની પણ ઉંઘ હરામ થઇ ગઇ છે.



## જમ્મુ કાશ્મીરમાં હજુ પણ આતંકવાદીઓ છૂપાયેલા છે

શ્રીનગર,તા.૯

જમ્મુ કાશ્મીરમાં સામાન્ય સ્થિતિને સ્થાપિત કરવા માટે સુરક્ષાદળો દ્વારા તમામ પગલાં લેવામાં આવ્યા હોવા છતાં આતંકવાદીઓ હજુ પણ વચ્ચે વચ્ચેના ગાળામાં તેમની હાજરી પૂરવાર કરી રહ્યા છે. આ બાબત સાબિત કરે છે કે રાજ્યના ઘણા ભાગોમાં સ્થાનિક લોકોનો આતંકવાદીઓને અને કટ્ટરપંથીઓને ટેકો મળેલો છે. સ્થાનિક લોકોની મદદથી જ આતંકવાદીઓ વારંવાર પોતાની હાજરી પૂરવાર કરવામાં સફળ રહ્યા છે. સુરક્ષાદળો માટે પણ આતંકવાદીઓ પ્રત્યે સાનુભૂતિ ધરાવનાર લોકોને ઓળખી કાઢવાની બાબત સરળ નથી પરંતુ સુરક્ષા દળોને હવે આ પ્રકારના શંકાસ્પદ લોકો પર નજર રાખવાની જરૂર છે. હાલમાં કરાયેલા હુમલાથી સાબિત થાય છે કે આતંકવાદીઓ હજુ પણ હુમલા કરવામાં સફળ થઈ રહ્યા છે. ત્રાસવાદીઓ વાંરવાર હુમલા કરીને ફરાર થઇ રહ્યા છે. તેમને ટેકો આપનાર કેટલાક લોકો હજુ પણ સ્થાનિક લોકોમાં છે આ કારણસર તે સુરક્ષા દળોને વધુ હેરાન કરવામાં સફળ થઇ જાય છે. હુમલા કર્યા બાદ સફળતાથી કોઇ જગ્યાએ છુપાઇ જાય છે. આ બાબત સુરક્ષા દળોમાં ભારે ચિંતા ઉપજાવે છે. પોલીસ અને સુરક્ષા દવો દ્વારા લેવામાં આવેલા પગલાની અસર દેખાઇ રહી છે પરંતુ તેમની તમામ યોજનાને નિષ્ફળ બનાવવાની કામગીરી સરળ નથી કોરણ કે તેમને સ્થાનિક લોકોનો કેટલીક જગ્યાએ ટેકો પણ છે. ત્રાસવાદી સંગઠન કાશ્મીરમાં ફરી એકવાર હિંસા ફેલાવવાના મુડમાં છે. આ જ કારણસર વાંરવાર સરહદ પર ગોળીબાર કરીને પાકિસ્તાન સેના દ્વારા ત્રાસવાદીઓને ભારતમાં ઘુસાડવાના પ્રયાસ કરવામાં આવે છે.

## શારદા ચીટ ફંડ કૌભાંડમાં સીબીઆઈ દ્વારા તપાસનો આદેશ

નવીદિલ્હી, તા.૯

લોકસભાની ચૂંટણી અંતિમ તબક્કામાં પહોંચી છે ત્યારે પશ્ચિમ બંગાળ સરકારને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે સુપ્રીમ કોર્ટે સમગ્ર દેશમાં ભારે ચકચાક જગાવનાર શારદા ચિટ ફંડ કોંભાડની તપાસ સીબીઆઇ મારફતે કરાવવાનો આજે આદેશ આપ્યો હતો. પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જી આ કોંભાડના મામલે તપાસ સીબીઆઇ મારફતે કરાવવાને વિરોધ કરી રહ્યા હતા. જ્યારે ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી દ્વારા શારદા ચિટ ફંડનો મામલો હાલમાં પ્રચાર દરમિયાન ઉઠાવવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટ દ્વારા સીબીઆઇ મારફતે તપાસનો આદેશ આપ્યા બાદ હવે ચૂંટણીના અંતિમ તબક્કામાં મોદી અને અન્ય હરિફ નેતાઓને મમતાને ભીંસમાં લેવાની વધુ તક મળી જશે.સુપ્રીમ કોર્ટે ઓરિસ્સા, આસામ અને ત્રિપુરામાં પોન્ઝી અતવા તો લોકોને આકર્ષિત કરનારી લાલચી સ્કીમ કોંભાંડમાં તપાસ કરવા માટે સીબીઆઇને સુચના આપી છે. પશ્ચિમ બંગાળ સરકારે



આ મામલે સમગ્ર સુનાવણી દરમિયાન આ કેસમાં તપાસ સીબીઆનિે સોંપવાનો જોરદાર વિરોધ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે તમામ શારદા ચિટ ફંડ કોંભાંડના કેસો સીબીઆઇને સોંપવાના આદેશ આપ્યા છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે ૨કે સીબીઆઇ ઓરિસ્સામાં ૪૪ ચિટ ફંડ કંપનીઓની સામે તમામ કેસોમાં તપાસ કરશે. સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળ પોલીસની નબળી કામગીરીની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે પોલીસને કોઇ નક્કર કડીઓ હજુ સુધી હાથ લાગી નથી. શારદા ચિટ ફંડનો મામલો આંતરરાજ્યનો હોઇ શકે છે. સાથે સાથે આંતરરાષ્ટ્રીય દેશોમાં તેનુ નેટવર્ક હોઇ શકે છે. સુપ્રીમ કોર્ટે નાણાંના પ્રવાહને શોધી કાઢવા માટે સીબીઆઇને સાથે આપવા ઈડીને પણ આદેશ આપ્યો હતો. ઈડી દ્વારા પહેલાથી જ આ મામલે તપાસ કરવામાં ાવી રહી છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે સીબીઆઇ જેવી સ્વતંત્ર સંસ્થા દ્વારા કેસમાં તપાસ કરવામાં આવે તે જરૂરી છે. કારણ કે આ કેસોમાં રાજકારણીઓ અને પ્રબુત્વ ધરાવનાર વ્યક્તિઓ સામેલ છે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે આ કેસોમાં તપાસ કરવા માટે સીબીઆઇ જ યોગ્ય તપાસ સસ્થા છે. કારણ કે માર્કેટ રેગ્યુલેટર સેબી અને આરબીઆઇ પણ શંકા હેઠળ છે. અગાઉ કોલકત્તા હાઈકોર્ટે કરોડો રૂપિયાના શારદા કોંભાડમાં સીબીઆઇ તપાસ માટેની અરજીને ફગાવી દીધી હતી. સારદા ગ્રુપના ચેરમેન સુદિપ્તા સેનની ૨૩મી પ્રિલ ૨૦૧૩ના દિવસે કાશ્મીરના સોનમર્ગ ખાતેથી તેમના અન્ય બે સાથી સાથે ધરપકડ કરી લેવામાં આવી હતી.

## અનેક શેર બાવન સપ્તાહની ઉંચી સપાટી ઉપર પહોંચ્યા

નવીદિલ્હી, તા.૮

શેરબજારમાં આજે તમામ રેકોર્ડ તુટી ગયા હતા. કારણ કે કારોબારના અંતે રેકોર્ડ સપાટી જોવા મળી હતી. કેટલાક શેર તેમની પર સપ્તાહની ઉંચી સપાટી પર પહોંચી ગયા હતા. જે શેર આજે બાવન સપ્તાહની ઉંચી સપાટી પર પહોંચી ગયા હતા તેમાં આરઆઇએલ, આઇસીઆઇસીઆઇ બેંક, કોલ ઇન્ડિયા, એક્સીસ બેંક અને એમએન્ડએમનો સમાવેશ થાય છે. કારોબાર દરમિયાન બેન્ચમાર્ક ઇન્ડેક્સ બે ટકાથી વધારે મજબુત બનતા આ સ્થિતી સર્જાઇ હતી. હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન, એન્જિનિયર્સ ઇન્ડિયા, ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ, બજાજ ફાયનાન્સ સહિત કુલ ૧૧૮ શેર તેમની એક વર્ષની ઉંચી સપાટી પર પહોંચી ગયા હતા. આરઆઇએલના શેરમાં ૩.૫ ટકા સુધીનો વધારો થયો હતો જેથી તેના શેરની કિંમત ૯૯૪ સુધી પહોંચી ગઇ હતી. બજારમાં તીવ્ર તેજીને લઇને જોરદાર આશા જાગી હતી. હજુ બજારમાં તેજી રહે તેવી શક્યતા છે.

## સમાચાર ઝલક

- મતગણતરી સ્થળે ચારથી વધુ વ્યક્તિઓની એકઠા થવા પર પ્રતિબંધ, મતગણતરી મથકે મોબાઇલનો પ્રતિબંધ.
- હાઇકોર્ટમાં તા.૯મી મેથી ૩૦ દિવસનું ઉનાળું વેકેશન.
- બટાકાના ભાવ ભડકી ઉઠ્યા, રૂા. ૨૫ ના કિલો.
- તા. ૨૯મી મેથી ગુજરાતમાં કૃષિ મહોત્સવ મોરબીથી શરૂ થશે.
- નાઇઝીરીયામાં અપહૃત ૨૦૦ જેટલી બાળકીઓને બચાવવા અમેરિકા સહિતના દેશો જોડાયા.
- રાજસ્થાનમાં ધૂળની ડમરીઓ, જનજીવન ખોરવાયું, કેરાલામાં ભારે વરસાદ, ગુજરાતમાં ભયંકર હીટ વેવ.
- બળાત્કારની ફરિયાદમાં નવસારીના પો.સ.ઇ. સોની વતી લાંચ લેવા જતાં આંગડીયો ફસાયો.
- થાઇલેન્ડના ભૂતપૂર્વ વડાપ્રધાન સામે મહાઅભિયોગ, મુશ્કેલીઓ વધી.
- કાશ્મીર ખીણમાં ૩૫૦ આતંકવાદીઓ આતંક મચાવવા ધમપછાડા કરી રહ્યા છે.
- અલ-નીનોની અસર ગુજરાત પર નહીં પડે, હવામાનશાસ્ત્રીઓનો મત.
- સૌરાષ્ટ્રમાં ૧૧ વાઇન શોપની મંજુરી તા. ૧૯મી મે પછી મળશે.
- ચેક રીટર્નના કેસો ૩ માસમાં પૂર્ણ કરવા પડશે : સુપ્રીમનો આદેશ.
- બ્રાઝીલમાં ૬'.૮'' ઊંચાઇ ધરાવતી કન્યા ૫'.૪'' ઇંચના છોકરા સાથે લગ્ન કરશે, વિશ્વમાં સૌથી ઊંચી બ્રાઇડ બનશે.
- ઓછા ટર્ન ઓવરના કારણે વડોદરા-અમદાવાદ શેરબજાર બંધ થવાનાં ભણકારા.
- ફ્રીઝ-ઓવન અને વોશીંગ મશીન વપરાશકારો સાથે વાતચીત કરશે, એલ.જી. કંપની દ્વારા લોન્ચ કરવામાં આવશે.
- ગુજરાત વિદ્યુત બોર્ડના ગ્રાહકોને રૂા. ૧૨નું ઓછું બીલ મળશે. ફ્યુઅલ ચાર્જ ઘટાડશે.
- નાઇજીરીયામાં અંધાધૂંધ ગોળીબારમાં સેંકડોનાં મોત.
- પાંચ કરોડની લાલચમાં ચૂંટણીના મેદાનમાં ઉતરેલી ડુપ્લીકેટ હેમામાલિની.
- તા.૧લી જુને પાંચ વર્ષ પૂરા કર્યા હશે તે બાળકોને ધો-૧માં પ્રવેશ મળશે.
- અદાણી ગ્રુપના નેવું હજાર કરોડના કોલ પ્રોજેક્ટને ઓસ્ટ્રેલિયામાં મંજુરી.
- કલાકમાં ત્રણ હજાર કિલો મીટરની સ્પીડે ટ્રેન દોડાવશે ચીન.
- લતા મંગેશકરે સાત દાયકામાં પહેલીવાર ગાયું સૂફી ગીત.

## મનમોહનસિંહ-પરિવારના સભ્ય પૈકિંગમાં વ્યસ્ત બન્યા

નવી દિલ્હી,તા.૯

દેશના વડાપ્રધાનના સરકારી આવાસ ૭, રેસ કોર્સમાં હાલમાં દિવસોમાં ભારે હલચલ છે. આ હલચલ કોઈ ચૂંટણીને લઈને અથવા તો ચૂંટણીના સંભવિત પરિણામોને લઈને નથી. પીએમઓના એક અધિકારીઓ માહિતી આપતા કહ્યું છે કે વડાપ્રધાન મનમોહનસિંહના હોદ્દા છોડવા ડે માત્ર આઠ દિવસ રહ્યા છે. તેમના પરિવારના સભ્યો અને સ્ટાફના લોકો પૈકિંગમાં વ્યસ્ત છે. પુસ્તકો, ભેંટ અને અન્ય ચીજવસ્તુઓને સાવધાનીપૂર્વક અલગ કરવામાં આવી રહી છે. યાદી પણ બનાવવામાં આવી રહી છે. આ ચીજવસ્તુઓને પેક કરવામાં આવી રહી છે. નામ જાહેર નહીં કરવાની શરતે અધિકારીએ કહ્યું છે કે, મનમોહનસિંહ આ વર્ષની શરૂઆતમાં જ કહી ચુક્યા છે કે, જો આ વખતે યુપીએ સરકારને તક મળશે તો પણ તેઓ આગામી સરકારનું નેતૃત્વ કરશે નહીં. કોઈ નવી વ્યક્તિને તેઓ જવાબદારી સોંપશે.



એક દશક સુધી મનમોહનસિંહના આવાસ રહી ચુકેલા ૭, રેસક્રોસમાં તેમના પરિવારના સભ્યો ચીજવસ્તુઓના પેકિંગમાં લાગેલા છે. જેથી સેવા નિવૃત્તિ બાદ મળી રહેલા આવાસ ૩, મોતીલાલ નહેરુ માર્ગ પહોંચાડી શકાય. કોઈ સમય આ આવાસમાં દિલ્હીના મુખ્યમંત્રી શીલા દિક્ષીત રહેતા હતા. વડાપ્રધાન અથવા તો પીએમઓના સભ્યોને ભેટરૂપે પેઈન્ટિંગ અને અન્ય ચીજવસ્તુઓ, કલાકૃતિઓની યાદી બનાવવામાં આવી રહી છે. વિદેશી હસ્તીઓથી વડાપ્રધાનને મળેલી ભેટની યાદી પણ તૈયાર કરવામાં આવી રહી છે. તેમને સરકારી ખજાનામાં રાખવામાં આવશે. ચીજવસ્તુઓની યાદી વિદેશ મંત્રાલયની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે. સામાન્ય ચૂંટણીના પરિણામના દિવસે એટલે કે ૧૬મી મેના દિવસે મનમોહનસિંહ વડાપ્રધાન તરીકે દેશને છેલ્લી વખત સંબોધશે. ૧૭મી મેના દિવસે સિંહની અવધિ પુરી થઈ રહી છે જેથી પૂર્વ સંધ્યા ઉપર મનમોહનસિંહે દેશને સંબોધવાનો નિર્ણય કર્યો છે. ૧૦ વર્ષની વડાપ્રધાન પદની ઈનિંગ્સ રમ્યા બાદ તેમના વિદાય ભાષણને લઈને પણ ઉત્સુકતા છે. સરકારની સિદ્ધિઓની સાથે સાથે વર્તમાન આર્થિક સ્થિતિ, સામાજિક પડકારનો તેઓ ઉલ્લેખ કરશે. ત્રીજી વખત તેઓ વડાપ્રધાન નહીં બનવાની વાત કરી ચુક્યા છે જેથી આમા કોઈ પણ સસ્પેન્સની સ્થિતિ નથી.

## સોનાના ભાવ ૨૬૦૦૦થી નીચે પહોંચે તેવી સંભાવના

નવી દિલ્હી,તા. ૯

નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫માં સોનાની કિંમત ઘટીને ૨૫૫૦૦-૨૭૫૦૦ રૂપિયાની નીચી સપાટી પર પહોંચી શકે છે. રેટિંગ એજન્સી ઈન્ડિયન રેટિંગ્સ એન્ડ રિસર્ચ દ્વારા આ મુજબનો અંદાજ મુકવામાં આવ્યો છે. રેટિંગ એજન્સીના જણાવ્યુ મુજબ ઈન્ટરનેસનલ ગોલ્ડની કિંમતમાં ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. નાણાંકીય વર્ષ ૨૦૧૫માં સોનાની કિંમત ઘટીને ૧૧૫૦-



૧૨૫૦ સુધી પહોંચી શકે છે. રેટિંગ એજન્સી દ્વારા સોનાની સ્થાનિક કિંમતને નેગેટિવ આઉટલુક આપતા કારોબારીઓમાં ચિંતા દેખાઈ રહી છે. જ્યારે તેની વર્તમાન સપાટી ૧૫૦૦ ડોલરની આસપાસ છે. હાલમાં દેશના મુખ્ય સ્થાનિક બજારોમાં સોનાની કિંમત ૨૯૫૦૦-૩૦૦૦૦ વચ્ચેની છે. સંસ્થાને નાણાંકીય વર્ષ ૨૦૧૫માં અમેરિકા અને યુરો ઝોનના જીડીપી ગ્રોથમાં સારી આશા છે. આવી સ્થિતીમાં બાકીના ચલણની સામે ડોલરની સ્થિતી મજબુત બની શકે છે. સોનામાં ત્રણ સપ્તાહના સૌથી મોટા કડાકા હાલમાં જોવા મળ્યા હતા. દરમિયાન નબળા વૈશ્વિક પ્રવાહની વચ્ચે સ્ટોકિસ્ટની વેચવાલીના કારણે દિલ્હી અને દેશના અન્ય બજારોમાં ભારે અફડાતફડી મચેલી છે.બજારના સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે ફેડરલ રિઝર્વ દ્વારા અમેરિકી રાહત પેકેજમાં કાપ મુકવાની અટકળોની વચ્ચે વિદેશમાં સોનાની કિંમતમાં ત્રણ સપ્તાહમાં સૌથી મોટો ઘટાડો થયો છે. ન્યુયોર્કમાં સોનાની કિંમત ૧.૫ ટકા ઘટીને ૧૨૮૮.૯૦ ડોલર પ્રતિ ઔન્સ થઈ ગઈ છે. ૧૫મી એપ્રિલ બાદ સૌથી મોટો ઘટાડો થયો છે.

## સેક્યુલર પાર્ટીમાં ઇગોના લીધે ભાજપને ફાયદો થશે

નવી દિલ્હી,તા. ૯

ઉત્તરપ્રદેશમાં તમામ રાજકીય પક્ષોએ લોકસભાની ૮૦ બેઠકો માટે તમામ તાકાત લગાવી દીધી છે. પરંતુ કોને વધારે ફાયદો થશે તે બાબત અંગે ફેંસલો ૧૬મી મેના દિવસે થશે પરંતુ રાજકીય પડિંતો અને નિષ્ણાંત લોકો માની રહ્યા છે કે આ વખતે ઉત્તરપ્રદેશના રાજકારણમાં નવા સમીકરણ રચાઈ શકે છે. કારણ કે સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીમાં ભારે ઈગોની સમસ્યા પ્રવર્તી રહી છે. સેક્યુસર પાર્ટીઓની ઈગોની લડાઈના કારણે બાજપને સીધો ફાયદો થઈ શકે છે. ઉત્તરપ્રદેશમાં ભાજપને રોકવાના પ્રયાસ કરવાના બદલે સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી એકબીજાને વધારે નુકસાન કરી રહી છે. સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ અને બહુજન સમાજ પાર્ટીના નેતા માયાવતી બન્ને વડાપ્રધાન બનવાના સ્વપ્ન જોઈ રહ્યા છે. તેમનુ કહેવુ છે કે દિલ્હીમાં જવાનો રસ્તો ઉત્તરપ્રદેશમાંથી જાય છે. આ બન્ને નેતાઓ ઉત્તરપ્રદેશમાં પ્રભુત્વની લડાઈ રહ્યા છે. રાજકીય નિષ્ણાંતો માની રહ્યા છે કે નરેન્દ્ર મોદી અને તેમની ટીમને બન્ને પક્ષોમાં ઈગોની લડાઈથી ફાયદો થશે.

### શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)

| | | |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| મહિલા દિને | લૂંટી આબરૂ | તારી પૂજાય |
| છે શોષિત સદાની | ઉજવે છે સમાજ | ફક્ત મહિલા દિને |
| આ ગૃહલક્ષ્મી | મહિલા દિન | સૌ કોઇ જાણએ |
| (૪) | (૫) | (૬) |
| મહિલા દિને | યૌન શોષણ | બળાત્કારીને |
| માંગે ન્યાય કોર્ટમાં | મહિલા દિને થાય | બનાવી દો કિન્નર |
| શોષિત નારી | દીનનારીનું | છે સાચો ન્યાય |
| (૭) | (૮) | (૯) |
| છે એક દંતિ | શિક્ષક સાચો | સૌ કોઇ જાણો |
| થાય રાજી લાડુથી | સંસ્કાર આપે સૌને | રહેવા આનંદમાં |
| મંગલમૂર્તિ | ઉન્નતિ કાજે | બનો બાળક |

- ઇશ્વરલાલ દેવશંકર જોશી

## નેતાઇ હત્યાકાંડ ચન્ડી કરણની આખરે ધરપકડ

ઝરગ્રામ,તા. ૯

ભારે ખળભળાટ મચાવનાર નેતાઈ હત્યાકાંડ કેસના સંબંધમાં આજે પોલીસે આરોપી સીપીએમના નેતા ચન્ડી કરણની ધરપકડ કરી લેવામાં આવી છે. વર્ષ ૨૦૧૧માં પશ્ચિમી મિદનાપુર જિલ્લામાં સીપીએમના સમર્થકો દ્વારા નવ લોકોની હત્યા કરી દેવામાં આવી હતી. સીઆઈડી સ્પેશિયલ અધિકારી ભારતી ઘોષે માહિતી આપતા કહ્યું હતું કે બાતમીના આધારે કાર્યવાહી હાથ ધરમાં આવી હતી. આ કેસના સંબંધમાં હવે કુલ ૨૦ આરોપીઓ પૈકીના ૧૯ની ધરપકડ કરી લેવામાં આવી છે. અન્ય એક સીપીએમ લીડર એફ. મંડળ ફરાર છે. તેને શોધી કાઢવાની પ્રક્રિયા ચાલી રહી છે. સાતમી જાન્યુઆરી ૨૦૧૧ના દિવસે નેતાઈ ગાવમાં કરવામાં આવેલા ગોળીબારમાં નવ લોકોના મોત થયા હતા.

**અમિત શાહના નિવદેનથી ભારે ચર્ચા**

## ભાજપ કોઇ પાર્ટીનો ટેકો લેવા તૈયાર : અમિત શાહ

વારાણસી,તા. ૯

લોકસભાની ચૂંટણીના પરિણામ આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ભાજપે આજે કહ્યું હતું કે તે રાજકીય અશ્પૃશિતામાં માનતો નથી. ચૂંટણી બાદ કેન્દ્રમાં સરકાર રચવા માટે તે કોઇનો પણ ટેકો લેવા માટે તૈયાર છે. ઉત્તરપ્રદેશમાં ભાજપના ઇન્ચાર્જ અને વરિષ્ઠ નેતા અમિત શાહે કહ્યું હતું કે એનડીએ ૩૦૦થી વધારે સીટ મેળવશે. પરંતુ જો જરૂર પડશો તો ટેકો પણ લેવાશે. દેશના વિકાસમાં જો કોઇ પાર્ટી સામેલ થવા માંગે છે તો અમે તે પાર્ટીને સાથે લઇશુ. ભાજપને ટેકો આપવાનો માયાવતીએ ઇન્કાર કર્યા બાદ અમિત શાહે કહ્યું હતું કે ભાજપ રાજકીય અશ્યપૃશિતામાં માનતો નતી. ચૂંટણી બાદ એનડીએમાં વદ્દુ કેટલાક રાજકીય પક્ષો સામેલ થશે તેવા ગુજરાતના મુખ્યપ્રધાન અને બાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની ટિપ્પાણી બાદ માયાવતીએ ભાજપને ટેકો નહી આપવાની જાહેરાત કરી હતી. શાહે કહ્યું હતું કે દેશના વિકાસમાં સામેલ થનાર દરેક પાર્ટીનુ એનડીએમાં સ્વાગત કરવામાં આવશે. તેમણે વારાણસીના ડીએમને બદલી નાંખવાની માંગણીનો ફરી પુનરોચ્ચાર કર્યો હતો.